મૂલ્યવર્ધન
શાંતિલાલ મુથ્થા ફાઉન્ડેશન



# વિદ્યાર્થી પ્રવૃત્તિ પુસ્તિકા

## ધોરણઃ પહેલું

નામઃ ------------------------------------------------

શાળાનું નામઃ ------------------------------------------------

ધોરણઃ ---------------- વર્ગઃ ----------------

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્ર. | પ્રવૃત્તિ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧ | ટપકાં જોડી ઘરનું ચિત્ર તૈયાર કરો અને રંગ પૂરો | ૧ |
| ૨ | તૂટક રેખા જોડીને સળંગ રેખા દોરો | ૨ |
| ૩ | રોજ નિશાળે જઇએ | ૩ |
| ૪ | પશુ–પક્ષી | ૩ |
| ૫ | આપેલી જગ્યામાં તમને ગમતાં પશુ કે પક્ષીનું ચિત્ર દોરો | ૪ |
| ૬ | તૂટક રેખા જોડીને ચિત્ર દોરો અને રંગો પૂરો | ૫ |
| ૭ | વર્તુળોમાં રંગ પૂરો | ૬ |
| ૮ | આવ્યો આવ્યો વરસાદ આવ્યો... | ૭ |
| ૯ | નિયમોનું પાલન કરશે કોણ? | ૮ |
| ૧૦ | શાળાના નિયમ | ૯ |
| ૧૧ | યોગ્ય કે અયોગ્ય | ૧૦ |
| ૧૨ | કચરાપેટીનું ચિત્ર બનાવો, એના પર ‘મારો ઉપયોગ કરો’ એવું લખો | ૧૨ |
| ૧૩ | સ્નાન કરું છું હું | ૧૩ |
| ૧૪ | આમ કરાય દાંત સાફ ... | ૧૪ |
| ૧૫ | આમ ધોઈએ હાથ | ૧૪ |
| ૧૬ | કરીએ અમે ઘરનાં કામ | ૧૫ |
| ૧૭ | સૌથી સારી મારી શાળા | ૧૭ |
| ૧૮ | યોગ્ય અને અયોગ્ય વર્તન | ૧૮ |
| ૧૯ | તો શું થઈ શકે ? | ૧૯ |
| ૨૦ | રમીએ સાવચેતીથી ... | ૨૦ |
| ૨૧ | ચિત્રો જુઓ અને વાર્તા કહો | ૨૧ |
| ૨૨ | ત્રણ વાંદરા | ૨૨ |
| ૨૩ | બાળકો શું કરી રહ્યાં છે ? | ૨૬ |
| ૨૪ | ચાલો પોસ્ટર બનાવીએ | ૨૭ |
| ૨૫ | નમ્ર કે ઉદ્ધત | ૨૮ |
| ૨૬ | પછી શું થયું હશે? | ૨૯ |
| ૨૭ | સારો મિત્ર કોણ? | ૨૯ |
| ૨૮ | બનાવીએ નવા મિત્રો | ૩૦ |
| ૨૯ | મૈત્રીનું ગીત | ૩૦ |
| ૩૦ | બાળકો શું કરે છે? | ૩૧ |
| ૩૧ | એમને શું થતું હશે? | ૩૨ |
| ૩૨ | સાગર દુ:ખી કેમ છે? | ૩૩ |
| ૩૩ | ભારતનાં બાળકો | ૩૪ |
| ૩૪ | જુદાં જુદાં કામો | ૩૫ |
| ૩૫ | ઉંદરની ટોપી | ૩૬ |
| ૩૬ | વર્તમાનપત્રના કાગળમાંથી ટોપી બનાવો | ૩૮ |
| ૩૭ | મારું સૂત્ર | ૩૯ |
| ૩૮ | મારા વિશે | ૪૦ |
| | ફુરસદના સમયે કરવાની પ્રવૃત્તિઓ | ૪૧ |



**નિર્માણ અને પ્રકાશનઃ**

નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

સંસ્થાપક, શાંતિલાલ મુથ્થા ફાઉન્ડેશન, પુણે

**સમીક્ષકોની યાદીઃ**

નરેન્દ્ર એન. રાવલ, પ્રકાશ સોની, ડૉ. યુ. ડી. મહેતા, મધુસુદન ઠક્કર, ડૉ. જે. બી. જોશી, કલ્પેશ પી. પટેલ, દર્શનબેન એસ. પટેલ, મેહુલકુમાર એચ. સુથાર, નમ્રતા એ. ભટ્ટ, પૂનમ કે. પંચાલ, રશ્મિકાબેન એસ. મોદી, પ્રકાશચંદ્ર એન. સુથાર, પરેશગિરિ કે. મેઘનાથી, ડૉ. અખિલ ઠાકર

**મુદ્રક :**



© સર્વ હક પ્રકાશકને આધીન



**આવૃત્તિ :**

ડિસેમ્બર ૨૦૧૯


**શિક્ષકો માટે નોંધ :**

આ પુસ્તિકા ધોરણ ૧ની શિક્ષક પ્રવૃત્તિ પુસ્તિકા સાથે સંબંધિત છે.

૪. બાળકોને કહેવું : વસ્તુના યોગ્ય અને અયોગ્ય ઉપયોગ વિશે આપણે એક રમત રમીશું.

૫. બાળકોને વર્તુળાકારે ઊભા રાખવા.

૬. તેમને કહેવું :
- બંટી નામનો એક છોકરો છે અને તેને બબલી નામની એક બહેન છે. તેઓ શું કરી રહ્યાં છે તે હું તમને કહેવાનો છું.
- જો તમને એમ લાગે કે તેમનું વર્તન બરાબર છે તો 'બરાબર' છે એમ કહેવા માટે તમારો જમણો હાથ ઉપર કરો. જો તમને એમ લાગે કે તેમનું વર્તન અયોગ્ય છે તો 'ભૂલ' છે એમ કહો અને બંને હાથથી અદબ વાળો.

૭. બાળકોને કહેવું :
- બંટી લાઈટની સ્વીચ સાથે રમે છે. તે સ્વીચ સતત ચાલુ–બંધ કરે છે.
- બબલી હાથ ધોયા પછી નળ બંધ કરે છે.
- બંટી બબલીની ઢીંગલીના હાથપગ ખેંચે છે.
- બબલી ફક્ત બે જ આંગળીઓથી કપ પકડીને દૂધ પીએ છે.
- બંટી ગૃહકાર્ય કરતી વખતે પેન દાંતથી ચાવે છે.
- બબલી ઓરડામાંથી બહાર નીકળતી વખતે લાઈટ, પંખાની સ્વીચ બંધ કરે છે.
- બંટી શાળાએથી આવ્યા પછી તેની બૅગ જમીન પર ફેંકે છે.
- બબલી કાતરથી રમે છે.
- બંટી પુસ્તકને ખાખી રંગના કવર ચઢાવે છે.
- બબલી ફ્રિજનો દરવાજો જોરથી બંધ કરે છે.

૮. રમી લીધા પછી બાળકોને પોતપોતાની જગ્યા પર બેસી જવા કહેવું. એ પછી તેઓ ઘરની વસ્તુઓ યોગ્ય રીતે વાપરે છે કે નહિ એ વિશે પ્રશ્ન પૂછવા. દા. ત.
- આપણે દાંત સાફ કર્યા પછી ટુથબ્રશ ક્યાં મૂકવું જોઈએ?
- આપણે હાથ ધોયા પછી સાબુ ક્યાં મૂકવો જોઈએ?

## ૧૧. રમતી વખતે સુરક્ષિતતા

| | |
|---|---|
| **ક્ષેત્ર** | રમતી વખતે કઈ બાબતની કાળજી લેવી જોઈએ તે સમજવું. |
| **અધ્યયન નિષ્પત્તિ** | રમતી વખતે ઈજા ન થાય એ માટે શી કાળજી લેવી તે બાળકો કહે છે. |
| **આવશ્યક સામગ્રી** | વિદ્યાર્થી પ્રવૃત્તિ પુસ્તિકા |

**પ્રવૃત્તિ**

૧. બાળકોને પૂછવું :
- તમે કઈ કઈ રમત રમો છો?
- રમતાં રમતાં કદી કોઈને ઈજા થઈ છે? ક્યારે? કેવી?

૨. બાળકોને કહેવું : આજે આપણે રમતી વખતે ઈજા ન થાય એ માટે શી કાળજી લેવી એનો વિચાર કરીશું.

૩. બાળકોને કહેવું :
- પ્રવૃત્તિ પુસ્તિકામાંથી 'તો શું થઈ શકે?' (પાના નં.૧૯) શીર્ષક નીચેનું ચિત્ર જુઓ.
- વિચાર કરો કે આપણે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે રમીએ તો શું થાય?

૪. દરેક ચિત્રના સંદર્ભમાં કેટલાક પ્રશ્નો બાળકોને પૂછવા :
- ચિત્રમાં બાળકો યોગ્ય ક્રિયા કરી રહ્યાં છે?
- એના કારણે શું થઈ શકે?
- તેમણે ઈજાથી બચવા શું કરવું જોઈએ?

૫. બાળકોને એકાદ ચિત્ર ઝીણવટથી જોવાનું કહો. પછી તેમને પૂછવું :
- આ રમતમાં શું થઈ શકે ?
- આપણે આ રમત રમતા હોઈએ ત્યારે કઈ વાતનું ધ્યાન રાખવું જોઈએ?
- ચિત્રમાં બતાવેલી ચોથી રમત ગમે ત્યાં રમી શકાય?

૬. બાળકોને પૂછવું :
- શાળાના મેદાન પર રમતાં હોઈએ ત્યારે શી કાળજી લેવી જોઈએ?
- શાળા છૂટ્યા પછી શાળામાંથી બહાર નીકળતી વખતે શી કાળજી લેવી જોઈએ?

**વિશેષ પ્રવૃત્તિ**

પ્રવૃત્તિ પુસ્તિકામાંથી 'રમીએ સાવચેતીથી' કવિતા ગાવાનું કે પઠન કરવાનું કહેવું. (પાના નં.૨૦ )

## ૧૨. આપણે ખોટું શા માટે ના બોલવું જોઈએ?

**ક્ષેત્ર**

અન્યની સાથે વ્યવહારમાં અને બોલવામાં ખરુંખોટું જાણવું.

**અધ્યયન નિષ્પત્તિ**

૧. બાળકો વાર્તાનાં પાત્રો વ્યવહારમાં અને બોલવામાં કયાં ખરાં છે અને કયાં ખોટાં છે તે ઓળખે છે.

૨. બાળકો ખોટું બોલવાનું પરિણામ જણાવે છે.

# ૨૦. રમીએ સાવચેતીથી ...



અહીં આવો, સૌ અહીં આવો
મેદાનમાં રમીએ, બગીચામાં રમીએ

રૂમાલગોટો ને નારગોળી
ગિલ્લીદંડા ને ઠીકરીદાવ
થપ્પો રમતાં ક્યાંક છુપાઈ જઈએ
સૌ સાથે મળીને રમતગમત કરીએ

રોજ રમીએ, ઝઘડા ન કરીએ
સાથે રહીએ, ધક્કા મુક્કી ન કરીએ
સૌ રમીએ, એકબીજાને ન ચીડવીએ
સાવચેતી રાખીને ધમાલ કરીએ



હિંચકા ખાઈએ, ચકરી ફરીયે,
ગોળ ગોળ ફરીએ,
બૉલ બેટથી ક્રિકેટ રમીએ,
મેદાનમાં રમીએ, બગીચામાં રમીએ
રમીએ રમીએ ધ્યાનથી રમીએ.




ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર